# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-05-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈશ્નવ** વાંચે છે.

---

## પીએમ-દેશને સંબોધન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂરને અસ્થાયી રૂપે મુલતવી રાખવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આગામી દિવસોમાં અમે પાકિસ્તાનના દરેક પગલાને તેના આતંકવાદ પ્રત્યે કેવું વલણ અપનાવે છે તેના આધારે માપીશું. ગઈકાલે વીડિયો કોન્ફરન્સ દ્વારા રાષ્ટ્રને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર શરૂ થયા પછીના પ્રથમ ત્રણ દિવસમાં, પાકિસ્તાને તેની અપેક્ષા કરતાં વધુ વિનાશ સહન કર્યો છે. ભારતની આ આક્રમક કાર્યવાહી બાદ, પાકિસ્તાને તણાવ ઘટાડવાના રસ્તાઓ શોધવાનું શરૂ કર્યું અને વધતા તણાવમાંથી રાહત મેળવવા માટે વિશ્વને અપીલ કરી રહ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે પાકિસ્તાને ખાતરી આપી છે કે તે ભારત સામે કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિ કે લશ્કરી સાહસનો આશરો લેશે નહીં. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ નિવેદનને ધ્યાનમાં રાખીને, ભારતે પરિસ્થિતિની સમીક્ષા કરી અને પાકિસ્તાની આતંકવાદી અને લશ્કરી મથકો સામેના તેના વળતા ઓપરેશનને અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો નિર્ણય લીધો.પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર માત્ર એક નામ નથી, તે દેશના કરોડો લોકોની ભાવનાઓનું પ્રતિબિંબ છે. તેમણે ઓપરેશન સિંદૂરને ન્યાયની અખંડ પ્રતિજ્ઞા તરીકે વર્ણવ્યું.તેમણે કહ્યું કે જો ભારત પર આતંકવાદી હુમલો થશે તો યોગ્ય જવાબ આપવામાં આવશે. ભારત કોઈપણ પરમાણુ બ્લેકમેલ સહન કરશે નહીં કારણ કે ભારત પરમાણુ ધમકીઓથી ડરતું નથી..

**-----------------------------------------------------------------------------------------**

## ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો

**ભારતે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એ દાવાને ફગાવી દીધો છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ અટકાવ્યો હતો અને કહ્યું હતું કે તેઓ બંને દેશો સાથે વધુ વેપાર કરવા જઈ રહ્યા છે. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે 9 મેના રોજ યુએસ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ અને પ્રધાનમંત્રી  મોદી વચ્ચેની વાતચીતમાં વેપારનો કોઈ ઉલ્લેખ નહોતો. સૂત્રોએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર શરૂ થયા પછી અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ 8 અને 10 મેના રોજ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને 10 મેના રોજ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે પણ વાત કરી હતી, પરંતુ આ વાતચીતમાં વેપારનો કોઈ પણ ઉલ્લેખ કરાયો ન હતો.**

**એક પત્રકાર પરિષદમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમણે ભારત અને પાકિસ્તાન સાથે વેપાર વધારવાનું વચન આપ્યું હતું, ત્યારબાદ બંને દેશો યુદ્ધવિરામ માટે સંમત થયા.**

**------------------------------------------------------------------------------------------**

## ડીજીએમઓની વાટાઘાટો

**ભારત અને પાકિસ્તાન વચ્ચે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ-ડીજીએમઓ સ્તરની ગઇકાલે વાટાઘાટો યોજાઈ હતી. ભારતીય સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને પક્ષોએ એક પણ ગોળી ચલાવવી જોઈએ નહીં અથવા એકબીજા સામે કોઈપણ આક્રમક અને પ્રતિકૂળ કાર્યવાહીનો આશરો લેવો જોઈએ નહીં. આ પ્રતિબદ્ધતા ચાલુ રાખવા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ સરહદો અને આગળના વિસ્તારોમાંથી સૈનિકોની સંખ્યામાં ઘટાડો સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવા પર પણ સંમતિ વ્યક્ત કરી.**

**------------------------------------------------------------------------------------------**

## આઇપીએલ ફરી શરૂ

ઇન્ડિયન પ્રીમિયર લીગ-**IPL** ની 18મી સીઝન 17 મેના ફરી શરૂ થવાની ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ગઇકાલે જાહેરાત કરી. ભારતના ઓપરેશન સિંદૂર બાદ 9 મેના આઇપીએલને એક અઠવાડિયા માટે સ્થગિત કરાઇ હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર 17 મેના રોજ બેંગ્લોરના

એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. મોહાલી અને ધર્મશાલામાં **IPL** 2025 ની કોઈ મેચ રમાશે નહીં. પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ જે પહેલા અમદાવાદ ખસેડવામાં આવી હતી તે હવે 26 મેના રોજ જયપુરમાં રમાશે. આઈપીએલની ફાઇનલ હવે 3 જૂને રમાશે જ્યારે પ્લેઓફ 29 મેથી રમાશે. પ્લેઓફ મેચ ક્યાં રમાશે તેની જાહેરાત પછીથી કરવામાં આવશે. પ્લેઓફ 29 મેના રોજ પ્રથમ ક્વોલિફાયર સાથે શરૂ થશે, ત્યારબાદ બીજા દિવસે એલિમિનેટર રમાશે. બીજો ક્વોલિફાયર 1 જૂનના રોજ યોજાશે..

---------------------------------------------------------------------------------------------

## <u>હવાઇમથકો શરૂ</u>

**ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ નાગરિક વિમાન સંચાલન માટે અસ્થાયી રૂપે બંધ કરાયેલા 32 હવાઈમથક તાત્કાલિક અસરથી ફરી શરૂ કરવામાં આવ્યા છે.** રાજ્યના **ભુજ, કંડલા, નલિયા, મુંદ્રા, જામનગર કેશોદ, પોરબંદર અને હિરાસર હવાઈ મથકેથી પણ હવે રાબેતા મુજબ ઉડ્ડયન શરૂ થયું છે. અગાઉ આ હવાઈ મથકો આ મહિનાની 15 તારીખ સુધી નાગરિક વિમાન સંચાલન માટે બંધ હતા.**

---------------------------------------------------------------------------------------------

## <u>હવામાન</u>

**હવામાન વિભાગ દ્વારા આગામી 3 દિવસ રાજ્યના વિવિધ વિસ્તોરમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમીયાન ગઇકાલે જિલ્લામથક ભુજમાં મહત્તમ તાપમાન 3 ડિગ્રી જેટલું નીચે .તરીને 37.4 ડિગ્રી પહોંચતા ગરમીમાં આંશિક રાહત અનુભવાઇ હતી, કંડલા એરપોર્ટ મથકેનું મહત્તમ તાપમાન 38 ડિગ્રી તો નલિયામાં 35.6 ડિગ્રી અને કંડલા બંદરનુ મહત્તમ તાપમાન 36.5 ડિગ્રી નોંધાયું હતું. જિલ્લામાં ન્યુનત્તમ તાપમાન 24થી 28 ડિગ્રી વચ્ચે રહ્યું હતું..**

---------------------------------------------------------------------------------------------